## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



રેખાબેન પિનાકીન રાવલ
(૧૯૫૧) ફોન: ૨૩૨ ૨૨૩૩૬

# રાજ્યના ૮૯ તાલુકાઓમાં અડધાથી ચાર ઇંચ વરસાદ

### કડાણામાં સૌથી વધુ ચાર ઈંચ વરસાદ : સંતરામપુરમાં બે, ધનસુરામાં ત્રણ, ખેડબ્રહ્મામાં અઢી ઈંચ વરસાદ પડ્યો

અમદાવાદ, તા.૮

વરસાદને લઈને ચિંતા પ્રવર્તી રહી છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૮૯ તાલુકાઓમાં અર્ધા ઈંચથી લઈને ૪ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો.જેમાં પંચમહાલના કડાણામાં ચાર ઈંચ, મોરવાહડફમાં પોણા ત્રણ ઈંચ, સંતરામપુરમાં બે ઈંચ, શહેરામાં દોઢ ઈંચ વરસાદ પડ્યાના વાવડ મળ્યા છે. આ ઉપરાંત દાહોદમાં પોણા બે ઈંચ, ધાનપુરમાં બે ઈંચ, દેવગઢબારિયામાં અડધો ઈંચ, ફતેપુરામાં ૧ ઈંચ, ગરબાડામાં સવા ઈંચ અને લીમખેડામાં સવા ઈંચ વરસાદ પડ્યો હતો. તેમજ સાબરકાંઠાના બાયડમાં અઢી ઈંચ, ધનસુરામાં ત્રણ ઈંચ, ખેડબ્રહ્મામાં અઢી ઈંચ, ભીલોડામાં ૧ ઈંચ, હિંમતનગરમાં સવા ઈંચ, માલપુરમાં અડધો ઈંચ, પ્રાંતિજમાં પોણો ઈંચ, મોડાસામાં ૧૧ મીમી, તલોદમાં સવા ઈંચ વરસાદ પડ્યો હતો. સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટના સૂત્રોના જણાવ્યા મુજબ ગાંધીનગરના માણસા, મહેસાણાના વડનગર અને ખેરાલુ, બનાસકાંઠાના અમીરગઢ અને થરાદ, પાટણ, બાવળા, માંડલ, વિરમગામ, કપડવંજ, વીરપુર, સંખેડા, શીનોર, કપરાડા, પારડી, બોટાદ, વિસાવદર, માંગરોળ અને જામજોધપુરમાં અડધાથી એક ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. આગામી ૨૪ કલાક દરમિયાન ઉત્તર ગુજરાત સહિત પૂર્વ પટ્ટીના વિસ્તારોમાં સામાન્યથી ભારે વરસાદ પડવાની આગાહી છે.

### અંબાજી મંદિર સે. ૬માં ૧૦મીએ હીંડોળા દર્શન યોજાશે

ગાંધીનગર, તા. ૮

અંબિકા સેવા ટ્રસ્ટ સેક્ટર-૬-એના પ્રમુખ કિશનભાઈ બ્રહ્મભટ્ટે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આવતીકાલે તા. ૧૦મી ઓગષ્ટ-૨૦૧૨ને ન્માષ્ટમી નિમિત્તે સેક્ટર-૬, અંબાજી મંદિર ખાતે રાત્રે ૯ કલાકે ભજનોની રસલ્હાણી અને હીંડોળા દર્શન યોજાશે.

જન્માષ્ટમી પર્વ નિમિત્તે સેક્ટર-૪ના કોકીલાબેન પરમાર અંબાજી મંદિર ખાતે રાત્રે ૯ કલાકે ભાવભીના ભજનોની રસલ્હાણી કરાવશે. ગાંધીનગરના ભક્તજનોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.

### એસ.એસ. ચૌધરી વિદ્યાલયમાં મટકીફોડ કાર્યક્રમ ઉજવાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના માણસા ગામે આવેલી એસ.એસ. ચૌધરી વિદ્યાલયમાં જન્માષ્ટમી પર્વ નિમિત્તે મટકીફોડ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી અંતર્ગત શાળાના પ્રાથમિક અને માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ કૃષ્ણ જન્મોત્સવ મનાવ્યો હતો તથા મટકી ફોડીને બાળકૃષ્ણલીલાના દર્શન કરાવ્યા હતા. દરેક વિદ્યાર્થીએ આનંદ ઉલ્લાસ સાથે તેમાં ભાગ લીધો હતો. શાળાના આચાર્ય નીતા શાહ અને ટ્રસ્ટીગણે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### સ્વામીનારાયણ ગુરૂકુળ સે-૨૩માં જન્માષ્ટમી મહોત્સવ ઉજવાશે

તા. ૧૦મી ઓગસ્ટના રોજ જન્માષ્ટમીના દિવસે શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ કેમ્પસ, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે સત્સંગ ભવનમાં સંપૂર્ણ શ્રી કૃષ્ણ જીવન ચરિત્રોની હારમાળા સમાન નૃત્યો અને નાટકો દ્વારા ગુરૂકુળની તમામ શાળાના ૧૫૦ બાળકો ભવ્યાતિ ભવ્ય ઉત્સવ ઉજવશે. રાત્રે ૯.૦૦ ગાંધીનગરના કલાકાર જિતેન્દ્રભાઈ દવે બાંસુરી વાદન કાર્યક્રમની શરૂઆત કરશે. ત્યારબાદ કૃષ્ણ જન્મોત્સવની બરાબર ૧૨.૦૦ આરતી થશે.

### જીટીયુની એમબીએ-એમસીએમાં ચેતવણી

# ઓરીજીનલ ડોક્યુમેન્ટ નહીં આપનાર કોલેજોને ચેતવણી

### ખાલી બેઠકો વધુ હોવાથી કેટલીક કોલેજો રિશફલીંગમાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીને ડોક્યુમેન્ટ પરત કરતી નથી

અમદાવાદ, તા.૮

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા એમબીએ અને એમસીએ કોલેજોને તાકીદ કરતો પત્ર લખવામાં આવ્યો છે કે કોઈપણ વિદ્યાર્થીઓના ઓરીજીનલ ડોક્યુમેન્ટ કોલેજ જમા કરી લેશે અને ઈચ્છુક વિદ્યાર્થીને પરત નહીં કરાય તો તેની સામે કડક કાર્યવાહી કરાશે. જો કે આ માટે વિદ્યાર્થીએ જીટીયુમાં ફરિયાદ કરવાની રહેશે.

જીટીયુ પ્રવેશ કમિટી દ્વારા એમબીએ અને એમસીએ કોલેજો માટે ચાલી રહેલી પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત એમબીએમાં ૫૨૪૮ બેઠકો અને એમસીએમાં ૧૭૪૭ બેઠકો ખાલી પડી છે. જીટીયુ દ્વારા પ્રથમ તબક્કા પ્રવેશ ફાળવી દેવાયો છે. પ્રથમ તબક્કા બાદ ખાલી બેઠકોની યાદીથી કોલેજોમાં ચિંતાની લાગણી પ્રસરી ગઈ છે. આ પરિસ્થિતિમાં કેટલીક કોલેજો પોતાના ત્યાં પ્રવેશ કન્ફર્મ કરાવનાર વિદ્યાર્થીઓના ઓરીજીનલ ડોક્યુમેન્ટ લઈ લેવામાં આવે છે. જેથી વિદ્યાર્થી રિશફલીંગમાં ભાગ લઈ શકે નહીં. જીટીયુ દ્વારા આવી ફરિયાદો ધ્યાનમાં આવતા જીટીયુ દ્વારા તાકીદ કરવામાં આવી છે કે કોલેજોએ ફક્ત ડોક્યુમેન્ટની ઝેરોક્ષ લેવાની રહેશે. ઓરીજીનલ ડોક્યુમેન્ટ લઈ શકે નહીં. તેમ છતાં જે કોલેજોએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ લીધા હશે અને વિદ્યાર્થીની ઈચ્છા હોવા છતાં પરત કરવામાં નહીં આવે તો આવી કોલેજો સામે કડક કાર્યવાહી કરાશે. જો કે આ માટે વિદ્યાર્થીએ જીટીયુ સમક્ષ લેખિત ફરિયાદ કરવાની રહેશે.

### જન્માષ્ટમી નિમિત્તે ડભોડિયા હનુમાન દાદાના મંદિરે મેળા માટે તડામાર તૈયારી

ચિલોડા, તા.૮

ગાંધીનગર જિલ્લામાં પવિત્ર યાત્રાધામ તરીકે સુપ્રસિધ્ધ ડભોડિયા હનુમાન દાદાનું મંદિર લાખો ભક્તો માટે આસ્થાના પ્રતિક સમા, ઐતિહાસિક તથા ધાર્મિક દ્રષ્ટિએ અનોખું માહાત્મ્ય રહેલું છે. આ મંદિર ખાતે દર વર્ષની પરંપરા મુજબ જન્માષ્ટમી તથા કાળી ચૌદશના દિવસે ભવ્ય મેળો ધામધૂમથી ઉજવામાં આવે છે. આ વર્ષે તા. ૧૦મી ઓગષ્ટ શુક્રવારના રોજ મંદિર ખાતે મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૦૦૦ વર્ષ પુરાણું ઐતિહાસિક મહત્વ ધરાવતા આ મંદિરમાં હનુમાન દાદાની મૂર્તિ સ્વયંભૂ પ્રગટ થતાં હજુ પણ શ્રધ્ધાળુઓ દર શનિવાર તથા મંગળવારે માનવ મહેરામણ દર્શનાર્થે આવી શ્રધ્ધા વ્યકત કરે છે. આ મેળાના દિવસે આજુબાજુના દૂર દૂરથી ભાવિક ભકતજનો આવી પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવે છે. આ મેળાના દિવસે મોટી સંખ્યામાં ભકતો આવતા હોવાથી મંદિર તરફથી સલામતી અને અનુલક્ષીને તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા તથા પૂર્વતૈયારીની કામગીરી પૂરજોશમાં હોવાનું જાણવા મળે છે.

# આજે સત્યાગ્રહ છાવણીમાં કોંગ્રેસ દ્વારા 'ભાજપ ગુજરાત છોડો - ગાદી છોડો' પ્રતિજ્ઞા કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર કોંગ્રેસના પ્રમુખ મુકેશભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આજે ૯મી ઓગષ્ટ-૨૦૧૨ના રોજ સવારે ૧૧ કલાકે, પથિકાશ્રમ સર્કલની બાજુમાં, સત્યાગ્રહ છાવણીમાં ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ ભાજપને 'ગુજરાત છોડો-ગાદી છોડો'નો જલદ કાર્યક્રમ યોજાશે.

૯મી ઓગષ્ટ-૧૯૪૨ના રોજ કોંગ્રેસ મહાસંમેલનમાં મહાત્મા ગાંધીજીએ અંગ્રેજોને 'ભારત છોડો'નો નારો આપ્યો હતો અને અંગ્રેજોને ભારત છોડવા મજબૂર કર્યા હતા. આ દિવસને ઐતિહાસિક લડતના ભાગરૂપે ક્રાંતિ દિવસ તરીકે મનાવવામાં આવે છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ તે મુજબ ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિએ ભાજપને ગુજરાત છોડો-ગાદી છોડોના જલદનારા સાથે ૨૦૧૨ની ગુજરાત વિધાનસભા ચૂંટણી થકી ગુજરાતની પ્રજાને યાતના ભર્યા શાસનમાંથી મુક્તિ આપવાની જાહેરમાં પ્રતિજ્ઞા લેવાનો કાર્યક્રમ આજે સવારે ૧૧ કલાકે પથિકાશ્રમ સર્કલની બાજુમાં, સત્યાગ્રહ છાવણી ખાતે રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં તમામ સ્થાનિક આગેવાનો, જિલ્લાના આગેવાનો તેમજ પ્રદેશ નિરીક્ષકો હાજર રહેશે.

### પ્રાંતિજ નજીક ગલતેશ્વર મહાદેવના મંદિરે ભકતોની ભારે ભીડ

પ્રાંતિજ, તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નજીકના ગલેસરા નજીકથી પસાર થતી સાબરમતી નદીના કિનારે વર્ષો જેનું પૌરાણિક ગલતેશ્વર મહાદેવનું સ્વયંભૂ શિવલિંગ અને ભગવાન શિવનું ભવ્ય મંદિર આવેલું છે. પુરાતન આ સ્વયંભૂ મહાદેવ શિવલિંગે શ્રાવણ મહિનામાં દૂર દૂરથી ભકતો આવી બીલીપત્ર, પૂજા-અર્ચન કરે છે અને શ્રાવણી અમાસે ભવ્ય મેળો ભરાય છે.

આ પૌરાણિક ધામ વરસોથી યાત્રિકોથી ધમધમતુ હતું ને દૂર દૂરના શિવ ભકતો, શાસ્ત્રીઓ, બ્રાહ્મણો આ મંદિરે પૂજા અર્ચન-હવન કરતા પણ છેલ્લા બે ત્રણ વર્ષથી ભકતોની સંખ્યામાં ઘટાડો થતા પ્રાંતિજ તાલુકાના શ્રધ્ધાના સાદ સંભળાવતા આ મંદિર તરફ સરકાર તથા ટ્રસ્ટ વધુ ધ્યાન આપે તો પ્રાંતિજના સાચા પ્રાપ્તીપુરીનો ઈતિહાસ લોકોને જાણવા મળે તેમ છે.

# ભાજપ સરકારને ૧૦ વર્ષનો હિસાબ આપવા માટે પડકાર

### મોદીએ શાસન સંભાળ્યું ત્યારે રૂપિયા ૪૫ હજાર કરોડનું દેવું હતું, આજે રૂપિયા ૧૩૭૦૦૦ કરોડનું દેવું છે : પટેલ

અમદાવાદ, તા.૮

ગુજરાતના મુખ્યમંત્રીને શાસનના દસ વર્ષનો હિસાબ આપવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વપ્રમુખ સિદ્ધાર્થભાઈ પટેલ ખુલ્લો પડકાર ફેંકતા જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રી સતત પોતાને અનુકુળ આવે તેવા આંકડાઓની માયાજાળ ઉભી કરીને ગુજરાતની પ્રજા સમક્ષ હંમેશા અર્ધસત્ય રજુ કરવાનો અને રાજ્યની સાચી હકીકતો ગુજરાતના નાગરિકોથી છૂપાવવાનો સતત પ્રયાસ કરે છે અને મુખ્યમંત્રી આ અર્ધસત્ને ગુજરાતના ગૌરવ સાથે જોડી રાજકીય લાભ ખાટવા પ્રયત્નશીલ છે. તેમણે વધુમાં જણાવ્યું હતુંકે, આગામી વિધાનસભાની ચૂંટણી નજીક આવતા પ્રજાને પોતાના શાસનના ૧૦ વર્ષનો હિસાબ આપવાની સ્થિતિ ઉભી થઈ છે ત્યારે પોતાની નિષ્ફળતાને ઢાંકવા માટે કેન્દ્ર સરકાર ઉપર વાણી વિલાસનો ફરી એક વખત કારસો કરી રહ્યા છે. સિદ્ધાર્થ પટેલે મોદી સરકાર સામે કેટલાક પ્રશ્નો કર્યા છે. રાજ્ય પોલીસની સુરક્ષાને લઈને પણ પ્રશ્નો કર્યા છે. તેમનું કહેવું છે કે ભાજપ સાસનમાં ૧૨૫૪૪ ખુન, ૧૩૫૨૬ અપહરણ જેવા ગંભીર પ્રકારના ગુનાઓ નોંધાયા છે. વિકાસ મોડલમાં સામાન્ય નાગરિકોની સુરક્ષા ક્યાં છે તેવી વાત પણ કરવામાં આવી.

### કોંગ્રેસના પ્રશ્નો...

- દશ વર્ષના સાસનમાં ૩૦૦ ટકાનો દેવામાં વધારો શા માટે
- રોજગારીના મામલામાં ગુજરાત સાતમાં ક્રમે ધકેલાયું છે અને શિક્ષિત બેરોજગારીની સંખ્યા ૧૦ લાખ શા માટે
- ૭ લાખથી વધુ ખેડૂતો વીજ કનેક્શનથી વંચિત શા માટે
- સામાજિક ક્ષેત્રે થતાં ખર્ચમાં દેશના ૧૮ મોટા રાજ્યોમાં ગુજરાત ૧૭માં ક્રમાંકે શા માટે ધકેલાયુ
- આરોગ્ય ક્ષેત્રે કરવામાં આવતા ખર્ચમાં ગુજરાત છેલ્લેથી ચોથા ક્રમાંકે શા માટે
- ૭૫ વધુ તાલુકાઓમાં ભુગર્ભ જળ ગંભીર રીતે પ્રદુષીત થયું છે ત્યારે ગુજરાતનો ક્રમાંક સૌથી છેલ્લે ૨૮મો શા માટે
- કહેવાતા વિકાસ મોડેલમાં સામાન્ય નાગરિકોની સુરક્ષા ક્યાં છે

### મનપાને સોંપવા દરખાસ્ત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાથ ધરવામાં આવે છે. જયારે હવે આ મશીનનો હવાલો કોર્પોશનને સોંપવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. પાટનગર યોજના વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર હવે આ મશીન કોર્પોરેશનને સોંપવા દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. નગરના માર્ગોને ડસ્ટ ફ્રી કરવાની જવાબદારી પણ હવે કોર્પોરેશને નિભાવવાની રહેશે. વધુમાં શહેરના વિવિધ માર્ગો આસપાસ બોર્ડ અને હોર્ડિંગ્સ મૂકવાની પરવાનગી પણ માર્ગ-મકાન વિભાગ કક્ષાએથી આપવામાં આવી છે. જયારે આ મામલે પણ કોર્પોરેશન હસ્તક જવાબદારી સોંપવા ગતિવિધિઓ હાથ ધરાશે. જેના પરિણામે મહાનગરપાલિકાને આવક પણ ઉપલબ્ધ થશે.

### વેટનો દર ઘટાડશું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેડૂતો માટેના આર્થિક પેકેજની વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે હાલમાં ફીક્સ હોર્સપાવર દીઠ રૂ. ૮૫૦ નો વાર્ષિક ભાવ છે તેમાં ઘટાડો કરીને તમામ ખેતીવાડી વીજ ગ્રાહકોને રૂ. ૫૦૦ પ્રતિ હોર્સ પાવર મુજબ રાહત આપવામાં આવશે. જયારે તમામ પ્રકારના રાસાયણિક ખાતરો પર લગાવાતો વેટ સંપૂર્ણ પણે નાબુદ કરાશે.

તેમણે જણાવ્યુ હતું કે રાજ્યમાં ૪.૫૫ લાખ જેટલા ખેતીવાડી અંગેના વિજજોડાણની અરજીઓ હાલની સ્થિતિએ પડતર છે તે તમામને આવતા બે વર્ષમાં જોડાણ આપી દેવામાં આવશે.

આરોગ્ય સેવામાં જીવનરક્ષક દવાઓ પરનો વેટ સંપૂર્ણ નાબુદ કરવામાં આવશે એમ તેમણે જણાવ્યું હતું.

### ગાંધીનગર જિલ્લાની ખો-ખો સ્પર્ધામાં ડભોડા હાઈસ્કૂલ ચેમ્પિયન બની

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા રમત-ગમત કચેરી તથા ગાંધીનગર જિલ્લા વ્યાયામ મંડળના ઉપક્રમે અંડર-૧૯ ભાઈઓની ખો-ખો સ્પર્ધા ડભોડા મુકામે યોજાઈ ગઈ.

ગાંધીનગર જિલ્લાની રમત-ગમત કચેરી તેમજ વ્યાયામ મંડળ દ્વારા જિલ્લાના વિદ્યાર્થીઓની અંડર-૧૯ ખો-ખો સ્પર્ધા ડભોડા એમ.એચ. વિદ્યામંદિર ખાતે યોજાઈ હતી. જેમાં ૧૨ વિભાગોની ૧૨ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. ખો-ખોની સ્પર્ધામાં ડભોડાની એમ.એચ. વિદ્યામંદિરની ટીમે વિજેતા બની સમગ્ર જિલ્લામાં ચેમ્પિયન બની હતી. ખો-ખો માં વિજેતા વિદ્યાર્થીઓને કેળવણી મંડળ તેમજ આચાર્યએ હાર્દિક શુભેચ્છા પાઠવી હતી અને વ્યાયામ શિક્ષક દલસંગભાઈ ચૌધરીને પણ અભિનંદન પાઠવ્યા હતા.


### તોળાતા પગલાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

નાગરિક પુરવઠા વિભાગ દ્વારા આ અંગે પુરવઠા અધિકારીઓની તાકીદની બેઠકનું પણ આયોજન કર્યું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ બારકોડેડ રેશનકાર્ડ માટે જે અગાઉ કિંમત નક્કી કરાઈ હતી તે પણ રદ કરવાનો નિર્ણય કરી ઓફલાઈન કાર્ડ વિતરણ કરવાનો અભિગમ સરકારે અપનાવ્યો હતો પરંતુ હવે નિષ્ફળતા મળતાં શું નિર્ણય થાય છે તેના પર સૌની મીટ મંડાઈ છે.

## શબ્દાવલી - ૪૮૧૨



**આડી ચાવી**

૧. વનમાં એની મેળે પ્રગટતો અગ્નિ (૪)
૫. ચંદ્ર, ચાંદામામા (૪)
૭. ઢોરને મરાય તેવો માર (૪)
૯. જહન્નમ, નર્ક (૩)
૧૦. એક ખાસ પ્રકારનો લોટો (૩)
૧૧. તારાથી તો..., ત્રાસ કે કંટાળાનો ઉદ્દગાર (૨)
૧૨. આવક (૩)
૧૩. એક કઠોળ (૩)
૧૪. અગ્નિ (૩)
૧૬. ઝેર, વિષ (૨)
૧૮. લગ્ન પ્રસંગ (૨)
૧૯. ડાઘુઓ મૃતદેહને લઈ જતાં હોય ત્યારે... બોલો ભાઈ... બોલે (૨)
૨૦. એક જંતુ (૨)
૨૧. શાંતિ, આરામ (૩)

**ઊભી ચાવી**

૧. ગુજરાતની પ્રખ્યાત વાનગી (૫)
૨. મૃદુતા, નરમપણું (૪)
૩. તાકોડી, નિશાન તાકનાર (૫)
૪. ફાયદો, લાભ (૨)
૬. હાથ, હસ્ત (૨)
૮. કમાણી કર, રળીને લાવ (૨)
૧૧. તોપના ગોળા સતત મારવા (૪)
૧૨. ઉજવવું તે (૪)
૧૪. થાક ખાવો, વિશ્રાન્તિ (૩)
૧૫. જવું તે, ગતિ (૩)
૧૬. સંભાવના (૨)
૧૭. એક જાતની માટી... (૨) (રસ્તા પર નંખાય તે મરડીયા)

### શબ્દાવલી ૪૮૧૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) લાપોટિયું (૪) વિશાળ (૬) ખગોળશાસ્ત્ર (૭) ડખલ (૧૦) શીલ (૧૧) વિપદ (૧૩) લાતો (૧૪) નાદ (૧૫) નિમ (૧૬) પાશવી (૧૭) ખાક (૧૮) આજે (૧૯) જલદ (૨૦) કડબ (૨૧) આળસ

**ઊભી ચાવી :-** (૧) લાકડશી લાડુ (૨) ટીખળ (૩) યુગો (૪) વિશારદ (૫) શાસ્ત્ર (૮) ખલતો (૯) આદમકદ (૧૧) વિનાશ (૧૨) પદવી (૧૫) નિખાલસ (૧૬) પાજેબ (૧૮) આડ (૧૯) જળ

## સમાચાર ઝલક

- ઓલિમ્પિક મેડલથી વધારે કે મોટું કોઇ નહીં : સાયના નેહવાલ.
- આસામમાં હિંસા વધુ ભડકી, મૃત્યુઆંક ૭૩ પર પહોંચ્યો.
- મધ્યપ્રદેશમાં અતિભારે વરસાદ ઉજ્જૈન, ભોપાલ, ઇન્દોરમાં ભારે વરસાદ.
- ઉપરવાસમાં વરસાદથી નર્મદા ડેમ છલકાયો.
- ગુરૂદ્વારા ગોળીબારકાંડ : અડધા ઝુકેલા રહેશે અમેરિકન રાષ્ટ્રધ્વજ.
- સિવિલ અમદાવાદમાં કેન્સરના દર્દીઓનો આંક ૧૭,૦૦૦ થયો, ૪૦ ટકા મોઢાંના કેન્સરગ્રસ્ત દર્દીઓ.
- અડવાણીમાં હિંમત ન હોય તો મારી પાસેથી લઇ જાય : બાલ ઠાકરે.
- ગાંધીનગર પોલીસની બેદરકારીના લીધે જ લૂંટનો આરોપી છૂટી ગયો, સેક્ટર-૬ અપના બજાર પાસે પાંચ લાખની લુંટ બાબત.
- રાજકોટમાં પતિની કાતિલ પત્રકારિણી ગિરફતાર.
- 'ફિટ રહે ગુજરાત' દ્વારા રાજ્યભરમાં સ્વામી વિવેકાનંદ સ્વાસ્થ્ય કેન્દ્રો સ્થપાશે.
- આનું નામ આંદોલન - હડતાલ નહિં રાઉન્ડ ધ કલોક કામ કરતાં માહિતી ખાતા કર્મચારીઓ.
- ગુજરાતમાં કુદરતી આફતનો ભોગ બનતાં પરિવારોને અપાતી સહાયમાં વધારો.
- અંબાજી છાપરી, હિંમતનગર તથા મહત્ત્વના સ્થળોએ પોલીસની કડક ચકાસણી, આતંકવાદીઓના ભયથી.
- પ્રજાએ ન્યાય કર્યો - ધાનેરામાં છેડતી કરનાર પાસેથી રૂા. ૬૧,૦૦૦નો ધર્માદો કરાવી મેથીપાક આપી મુક્ત કર્યો.
- જૂનાગઢનો બ્રહ્મસમાજ પોલીસની કામગીરીથી ખુશખુશાલ, બ્રાહ્મણ વેપારી દંપત્તિના હત્યારાને તુર્ત જ ઝડપી લેતાં સ્ટાફની કાબિલેદાદ ફરજ.
- પંજાબની ચકચારી ઘટના : પ્રેમ કહાનીમાં અવરોધરૂપ બનતા માતા-પિતાને હટાવવા યુવતીએ સોપારી આપીને ખૂન કરાવવા પ્રયત્નો કર્યા.
- રિયલ એસ્ટેટ ક્ષેત્રે મંદીના વાદળો છવાયેલા રહેશે.

## કંપની સમાચાર

### એડવર્ટાઇઝમેન્ટ ઈન્ડિયા રજૂ કરે છે ભારતમાં સર્વપ્રથમ નાના અને મધ્યમ એડવર્ટાઈઝરો માટે 'કેશ એન્ડ પિક અપ'

advertismentindia.com એ નામના ભારતનાં ટોચનાં ઈન્ટરેકટીવ એડવર્ટાઈઝમેન્ટ પોર્ટલ દ્વારા પ્રથમવાર એડવર્ટાઈઝરો માટે કેશ એન્ડ પિક અપ સેવાઓની રજૂઆત કરવામાં આવી છે. આ સેવા ટાયર-૧ અને ટાયર-૨ શહેરોમાં ઉપલબ્ધ છે. નાના અને મધ્યમ કદમાં વિજ્ઞાનકારોને આ સુવિધાથી ઘણો મોટો ફાયદો થશે. જેમાં તેઓ ભારતમાં કોઈ પણ ખૂણેથી પોતાની જાહેરખબર કોઈ પણ ભાષામાં બુક કરાવી શકશે અને તેના નાણા તેમના દ્વારેથી જ એકત્ર કરવામાં આવશે.

રિયલ એસ્ટેટ, નાના વ્યાપારી, ટેન્ડરો, વેકન્સી, મેટ્રિમોનિયલ, ઓબિચ્યુઅરી, સંભારણાઓ, આભારવિધિ, કાનૂની તેમજ અને નાની ડિસ્પ્લે વગેરે માટે આ સેવા આશીર્વાદરૂપ સાબિત થશે. વિજ્ઞાનકારોએ આ સેવાને કારણે વિવિધ પ્રકાશનગ્રુહોની ઓફિસે જવાની જરૂર પડશે નહીં. વિજ્ઞાપનકારો મદદ માટે ૧૮૦૦-૪૧-૯૦૫૪૦ ટોલ ફ્રી નંબર પર સંપર્ક કરી શકે છે. ઑનલાઈન બુકિંગ્સ હાલમાં ૧૨ ભાષાઓમાં ઉપલબ્ધ છે. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, બંગાળી, કન્નડ, મરાઠી, ઉડિયા, પંજાબી, તાલિમ, તેલુગુ અને ઉર્દૂનો સમાવેશ થાય છે.

### ફાસ્ટ્રેકનાં તમામ જેન્યુઈન લેધર બેલ્ટ્સ અને વૉલેટ્સ પર ફલેટ ૩૦ ટકા ઑફ

ફાસ્ટ્રેકે તેનાં જેન્યુઈન લેધર બેલ્ટસ અને વોલોટ્સની તમામ શ્રેણી પર ફૂલ ૩૦ ટકા ઓફની ઓફર રજૂ કરી છે.તા. ૧૦ ઓગષ્ટથી તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૧૨ દરમિયાન ફલેટ ૩૦ ટકા ઑફમાં તમે પણ નિપૂર્ણતાપૂર્વક તૈયાર થયેલા બેલ્ટ અને વોલેટ ઝડપી શકો છો. છોકરાઓ અને છોકરીઓ એમ બંને માટેની વિશાળ શ્રેણી પ્રત્યેક પ્રસંગને અનુરૂપ ડિસ્કાઉન્ટમાં ઉપલબ્ધ છે.

આ મોસમમાં સ્ટાઈલમાં રહેવાની તૈયારીરૂપે તમારા ખિસ્સાને પોષાય તેવી રીતે ફાસ્ટ્રેકની જેન્યુઈન લેધર બેલ્ટ્સની શ્રેણી રૂા. ૩૪૫ અને વૉલેટ્સની શ્રેણી રૂા. ૨૦૫ થી શરૂ કરીને ઉપલબ્ધ છે, જેમાં ૩૦૦ થી વધુ પ્રૉડકટોની પસંદગી મળી શકશે.

આ ઑફર તમારી નજીકમાં એક્સકલુસિવ ફાસ્ટ્રેક સ્ટોર, લાઈફ સ્ટાઈલ, શોપર સ્ટોપ, સેન્ટ્રલ, પેન્ટાલુન્સ અને અન્ય ટોચના મલ્ટીબ્રાન્ડ આઉટલેટ્સમાં ભારતભરમાં ઉપલબ્ધ છે. આ ઑફર પણ ઉપલબ્ધ છે. જે માટે www.fastrack.in પર લોગ ઓન કરી શકાય છે. ફાસ્ટ્રેક ટાઈટની પેટા બ્રાન્ડ તરીકે ૧૯૯૮માં લોન્ચ કરાઈ હતી. ૨૦૦૫માં શહેરી યુવાનોની બ્રાન્ડ તરીકે તેને સ્વતંત્ર કરાઇ હતી.

### ઓડીએ પ્રૉડક્ટ પોર્ટફોલિયો મજબૂત બનાવ્યો

જર્મન લક્ઝરી કાર ઉત્પાદક કંપની ઓડીએ ભારતમાં રસ્તાઓ પર નવી ઓડી **A8 L** સેદાનની રજૂઆત કરી છે, જે શક્તિશાળી અને સ્પોર્ટી **4.2 TDI** એન્જિન ધરાવે છે. આ લિમોઝીને લકઝરીનાં નવાં ધોરણો પ્રસ્થાપિત કર્યા છે. જેમાં અપવાદરૂપ કહી શકાય તેવા ડાયનેમિક્સ અને એફિસીયન્સીનો સમાવેશ થાય છે. આ સેદાન ભારતમાં ઓડીમાં તમામ શોરૂમ પર ઉપલબ્ધ છે. આ કારની કિંમત રૂા. ૧,૦૦, ૭૫૦૦૦ અને તેથી વધુ (એકસ શોરૂમ, મહારાષ્ટ્ર) છે. ઓડી **A8 L** ને ઓડી ઈન્ડિયામાં અધ્યક્ષ માઈકલ પર્શક દ્વારા રજૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે બોલીવુડ સુપરસ્ટાર અભિષેક બચ્ચને તેમની કસ્ટમાઈઝડ ઓડી **A8 L 4.2 TDI** ની ડિલીવરી લીધી હતી.

ઓડી ઈન્ડિયાનાં અધ્યક્ષ શ્રી માઈકલ પર્શકે જણાવ્યું કે, 'ભારતમાં હાઈટેક ઓડી **A8 L** ને મળેલા અસાધારણ પ્રતિસાદથી પ્રેરાઈને અમે શક્તિશાળી ડિઝલ એન્જિન સાથે તેની રજૂઆત કરી છે. અમારી બ્રાન્ડ ફિલસૂફીને અનુરૂપ ઓડી **A8 L 4.2 TDI** સાચા અર્થમાં ટેકનિકલ ઈન્ટેલીજન્સ અને એન્જિનિયરિંગ આર્ટનાં સમન્વયયુક્ત સ્પોર્ટી પરફોર્મન્સ આપવા સજ્જ છે.'